# Tender For Awarding Contract For Running Canteen in District Court Complex, At. Lunawada, Mahisagar.

# ટેન્ડર નોટીસ

## ડીસ્ટ્રીકટ કોર્ટ, મહીસાગર, મું.લુણાવાડા ખાતે કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ આપવા બાબત

અત્રેના ડીસ્ટ્રીકટ કોર્ટ સંકુલ (ન્યાય મંદિર), મહીસાગર, મું.લુણાવાડા ખાતે ૧૧ મહિના અને ૨૯ દિવસના સમયગાળા માટે કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ આપવા માટે કેટરીગ સેવાનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ તથા તે અંગે જરૂરી લાયસન્સ ધરાવતી તથા લુણાવાડા ખાતે રજિસ્ટર્ડ/બ્રાન્ચ ઓફીસ ધરાવતી અનુભવી તથા પ્રતિષ્ઠિત સંસ્થાઓ/એજન્સીઓ પાસેથી ડીસ્ટ્રીકટ કોર્ટ સંકુલ, લુણાવાડા ખાતે કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ આપવા સીલબંધ કવરમાં અલગ-અલગ ટેન્ડર મંગાવવામાં આવે છે.

માનનીય ગુજરાત હાઈકોર્ટની માર્ગદર્શિકા મુજબ, કેન્ટીન ચલાવવા માટે કોન્ટ્રાકટ આપવા માટે મહિલાઓ ધ્વારા ચલાવવામાં આવતી રજિસ્ટર્ડ બિન-સરકારી સંસ્થાઓ (**NGO**) અથવા મહિલાઓ ધ્વારા સંચાલિત સ્વ-સહાય જૂથોને પ્રાધાન્ય આપવામાં આવશે.

આ ટેન્ડરને લગતી જરૂરી વિગતો, સુચનાઓ, કામની પ્રકૃતિ અને કરારના નિયમો અને શરતો વિગેરેને લગતા ટેન્ડર દસ્તાવેજો ઓફિસ સમય દરમિયાન નાઝીર શાખા, જિલ્લા અદાલત, મહીસાગર (પહેલો માળ, રૂમ નં.૧૨૧) ખાતેથી મેળવી શકાશે. સદર દસ્તાવેજો જિલ્લા અદાલત, મહીસાગરની વેબસાઈટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

યોગ્ય રીતે ભરેલ ટેન્ડર, જરૂરી લાયકાતના સહાયક દસ્તાવેજો સાથે પ્રતિ ટેન્ડર દીઠ **રૂ.૧૦૦૦/- (એકં રૂપિયા એક હજાર પુરા)** ટેન્ડર ફી (નોન-રિફંડેબલ) **Principal District Judge, Lunawada** ના નામના ડિમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર સહિત પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ, જીલ્લા અદાલત મહીસાગર, જીલ્લા સેવા સદનની બાજુમા, વરધરી રોડ, લુણાવાડા-૩૮૯૨૩૦ ખાતે **તા.૦૨.૦૯.૨૦૨૬** સુધીમાં રજીસ્ટર એ.ડી./ કુરિયર/ ટપાલ મારફતે મોકલી આપવાના રહેશે.

સીલબંધ ટેન્ડરો **તા.૦૯.૦૯.૨૦૨૬ ના રોજ સાંજે ૦૫:૧૫ વાગ્યે**, હાજર રહેલ એજન્સીઓ /ટેન્ડરર્સ ની હાજરીમાં ખોલવામાં આવશે. કોઈ પણ ટેન્ડરને સ્વીકારવા કે નકારવા અંગે કેન્ટીન કમિટિનો નિર્ણય આખરી રહેશે અને તે તમામ એજન્સીઓ/બિડર્સને બંધનકર્તા રહેશે.

જિલ્લા ન્યાયાલય,
મું.લુણાવાડા
તા.૧૧.૦૮.૨૦૨૬

**એમ.એન.ગડકરી**
મુખ્ય જિલ્લા ન્યાયધીશ,
લુણાવાડા

District Sessions Court, Mahisagar
Lunawada

# <u>જીલ્લા અદાલત મહીસાગર, મું.લુણાવાડા, ખાતે કેન્ટીન ચલાવવા માટેના નિયમો તથા શરતો</u>

(૧) કેન્ટીનના કોન્ટ્રાકટનો સમયગાળો ટેન્ડર મંજુર થયા તારીખ થી **<u>૧૧ માસ અને ૨૯ દિવસ</u>** સુધીનો રહેશે.

(૨) કેન્ટીનની રૂમની અપસેટ વેલ્યુ માસીક લાયસન્સ ફી **<u>રૂા.૩૦૦૦/—(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા)</u>** રહેશે.

(૩) કેન્ટીન કોન્ટ્રકટની સિકયુરીટી ડિપોઝીટ તરીકે **<u>રૂા.૨૫,૦૦૦/— (અંકે રૂપિયા પચીસ હજાર પુરા)</u>** એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે કોન્ટ્રાકટનો હુકમ મળ્યેથી દિન—૧૫ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાની રહેશે. સદર રકમ કોન્ટ્રકટ સંતોષકારક રીતે પુરો થયા બાદ પરત આપવામાં આવશે. જો એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટર તરફથી કચેરી કે કેન્ટીનને કોઈ નુકશાન થાય તો કચેરી નકકી કરે તેટલી નુકશાનીની રકમ સીકયુરીટી ડીપોઝીટની રકમ માંથી જે તે સમયે વસુલ લેવામાં આવશે. વધુમાં જો સિકયુરીટી ડિપોઝીટ કે માસીક ભાડાની રકમમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા વધારો કરવામાં આવશે તો તે એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે માન્ય રાખવો પડશે.

(૪) કેન્ટીનની એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે માસીક લાયસન્સ ફી/ભાડાની રકમ દરેક માસની પાંચ તારીખ સુધીમાં નિયમિત રીતે અત્રેની કચેરીની નાઝર શાખામાં જમા કરાવવાની રહે, જો લાયસન્સ ફી/ભાડાની રકમ નિયત સમયમાં જમા કરાવવામાં નહી આવે તો પ્રતિદિન રૂા.૫૦/— લેખે લેઈટ ફી સાથે લાયસન્સ ફી/ભાડાની જમા કરાવવાની રહેશે. જો એજન્સી/સંસ્થા/ કોન્ટ્રાકટરે નિયત તારીખ થી ૬૦ દિવસના સમયગાળા સુધી લાયસન્સ ફી/ભાડાની રકમ જમા કરાવવામાં નિષ્ફળ રહેશે તો તેવા સંજોગોમાં કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા વિના એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે. તેમજ એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે ભરેલ સિકયુરીટી ડિપોઝીટ **<u>રૂા.૨૫,૦૦૦/— (અંકે રૂપિયા પચીસ હજાર પુરા)</u>** જપ્ત કરી સરકાર ખાતે જમા કરવામાં આવશે.

(૫) ઉપર જણાવ્યા પ્રમાણેની માસીક લાયસન્સ ફી/ભાડા માં વેરાબીલ/ લાઈટબીલ વિગેરેનો સમાવેશ થતો નથી.

(૬) કેન્ટીન માટે સબ મીટર છે. જે કેન્ટીનની બહાર આવેલ છે. જેના ઈલેકટ્રીક વીજ બીલની સંપૂર્ણ રકમ એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે ચુકવવાની રહેશે.

(૭) કેન્ટીનને લગતા લુણાવાડા નગરપાલીકાના આખા નાણાંકીય વર્ષના જે કોઈ વેરા આવે તે એજન્સી/સંસ્થા/ કોન્ટ્રાકટરે ભરવાના રહેશે અને વેરા બીલ તથા વેરા બીલ ભર્યા અંગેની રસીદની કોપી અત્રેની કચેરીમાં જમા કરાવવાનાં રહેશે.

District Sessions Court, Mahisagar, Lunawada

(૮) જો એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટર કોન્ટ્રાકટ રીન્યુ કરાવવા ઈચ્છતા હોય તો કોન્ટ્રાકટ પુરો થયાના બે મહીના અગાઉ અરજી કરવાની રહેશે અને કેન્ટીન કમીટી ઈચ્છે તો કોન્ટ્રાકટ વધુ **૧૧ માસ અને ૨૯ દિવસ** ના સમય માટે રીન્યુ કરી આપશે.

(૯) એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટર દ્વારા સદર કોન્ટ્રાકટનો કોઈપણ ભાગ કે પુરો કોન્ટ્રાકટ કોઈપણ ત્રાહીત વ્યકિત, શખ્સ કે સંસ્થાને પેટા હકકથી આપી શકાશે નહી.

(૧૦) એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટર સદર જગ્યાનો કેન્ટીન સિવાય અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહી, તેમજ સદર જગ્યામાં એજન્સી/સંસ્થા/ કોન્ટ્રાકટર અન્ય કોઈપણ પ્રકારની ચીજ કે અન્ય કોઈપણ વસ્તુનું વેચાણ કરી શકશે નહી.

(૧૧) એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે કેન્ટીન રૂમની જગ્યામાં લગાવવામાં આવેલ બારી, બારણાં, લાઈટ–પંખા કે કેન્ટીન રૂમની સ્થળ સ્થિતિમાં એજન્સી/સંસ્થા/ કોન્ટ્રાકટરે કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકશે નહી. કેન્ટીન રૂમમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં અત્રેની કચેરીના કેન્ટીન કમીટીની પૂર્વ પરવાનગી વિના કરી શકાશે નહી.

(૧૨) કેન્ટીન રૂમ માટે ફાળવવામાં આવેલ જગ્યાની નિભાવણી કરવાની તમામ જવાબદાર એજન્સી/સંસ્થા/ કોન્ટ્રાકટરની રહેશે.

(૧૩) એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે કોર્ટ બિલ્ડીગમાં કેન્ટીન રૂમ ચલાવવા માટે કાયદા મુજબ જે સરકારી / અર્ધસરકારી કચેરીના લાયસન્સની જરૂર હોય તેવા લાયસન્સ મેળવવા માટેની સંબંધીત કચેરીઓમાં જાતે કાર્યવાહી કરી જરૂરી લાયસન્સ તાકીદે મેળવી લેવાના રહેશે.

(૧૪) કોર્ટ બિલ્ડીગને અનુરૂપ સારી ગુણવત્તાવાળા કેન્ટીને લગતા તમામ સાધનો તથા ફર્નિચરની સગવડ એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે.

(૧૫) કેન્ટીન રૂમમાં વસ્તુઓ પહોંચાડવા માટેના વાહનોને ખાસ સંજોગો કે કારણો સિવાય કચેરી સમયમાં જાહેર જનતાને તકલીફ થાય તે રીતે આવવા જવા દેવામાં કે ઉભા રાખવા દેવામાં આવશે નહી.

(૧૬) **કેન્ટીનમાં કઈ–કઈ વસ્તુઓ બનાવશે, વેચશે કે પીરસશે અને કયા ભાવથી અને કેટલી માત્રામાં વેચશે તે અંગેનુ વાનગીઓનુ લીસ્ટ પાર્ટ–એ મુજબનુ ટેન્ડર સાથે એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે મોકલી આપવાનુ રહેશે.** જે ટેન્ડર ખુલવાના સમયે પ્રિન્સીપાલ ડિસ્ટ્રિકટ જજશ્રી અને કેન્ટીન કમીટી રૂબરૂ ચર્ચા–પરામર્શ થયા બાદ મંજુર કરવામાં આવશે અને તે મુજબ જ કેન્ટીનમાં સેવાઓ પુરી પાડવાની રહેશે. અત્રેની કચેરીની પૂર્વ મંજુરી વગર વસ્તુઓના ભાવોમાં કોઈ વધારો કરી શકાશે નહી.

(૧૭) એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટર દ્વારા કેન્ટીનમાં શુધ્ધ, શાકાહારી અને સાત્વિક બનાવી આપવાની રહેશે. તેમજ કેન્ટીનમાં કાયદાથી પ્રતિબંધિત કોઈપણ ચીજવસ્તુઓ વેચી શકાશે નહી. તથા અખાધ ચીજવસ્તુઓ રાખવી તથા વેચી શકાશે નહી. કેન્ટીનમાં પાન–મસાલા, બીડી, સીગરેટ, ગુટખા, મસાલા, ઈત્યાદી કોઈપણ ચીજ વસ્તુઓ રાખી કે વેચી શકાશે નહી.

(૧૮) એજન્સીએ મંજુર થયેલ ભાવપત્રકના દરે ભોજન–અલ્પાહાર કે અન્ય આહારની સામગ્રી પુરી પાડવાની રહેશે અને તેનુ સુવાચ્ય ભાવપત્રકનું બોર્ડ કેન્ટીન રૂમમાં પ્રસિધ્ધ કરવાનું રહેશે.

(૧૯) બાળમજુર પ્રતિબંધક ધારા કે બીજા કોઈપણ કાયદાનો ભંગ થાય તેવું કોઈ કૃત્ય એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે કરવું નહી.

(૨૦) કેન્ટીન રૂમ રાખનારા એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરના માણસોએ કેન્ટીન રૂમમાં આવનાર અધિકારીઓ, વકીલો, સ્ટાફ–કર્મચારીઓ તથા પક્ષકારો સાથે સભ્યતાથી વર્તવાનું રહેશે તથા એજન્સીએ કેન્ટીનના કારીગરોને પોતાના ખર્ચે સ્વચ્છ યુનીફોર્મમાં રાખવાના રહેશે તેમજ તેઓ નિરોગી તથા નિવ્યસની હોવા જોઈએ.

(૨૧) કેન્ટીના કચરાનો નિકાલ એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે ભારત સરકારશ્રીના **સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ–૨૦૨૬** માં જણાવ્યા મુજબ ઓફીસ સમય પહેલા અથવા ઓફીસ સમય બાદ જાતે કરવાનો રહેશે. કેન્ટીનની રૂમની આજુબાજુની જગ્યામાં હરહંમેશ સ્વચ્છતા અને ચોખ્ખાઈ રાખવાની રહેશે.

(૨૨) કેન્ટીન રૂમની જગ્યા કરાર સમય દરમ્યાન ફકત વાપરવા માટે આપવામાં આવે છે, તેના થી કેન્ટીન રૂમના એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરને ભાડુઆત તરીકેનો દરજ્જો કે હકક મળવાપાત્ર રહેશે નહી.

(૨૩) કેન્ટીન રૂમમાં જોખમકારક વસ્તુઓ રાખવી કે સંગ્રહ કરવો નહી.

(૨૪) કેન્ટીન રૂમમાં ફાયર સેફટીની સુવિધા પ્રવર્તમાન નિયમ અનુસાર એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે. ફાયર સેફટીની સંપુર્ણ જવાબદારી એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરની રહેશે.

(૨૫) કેન્ટીનમાં સીસીટીવી કેમેરા લગાવવાની સુવિધા એજન્સીએ સ્વખર્ચે કરવાની રહેશે તેમજ કેન્ટીનમાં ટીવી, રેડીયો કે ટ્રાન્ઝીસ્ટરનો ઉપયોગ કરવાનો રહેશે નહી, આમ છતાં જો ટીવી, રેડીયો કે ટ્રાન્ઝીસ્ટરના ઉપયોગની જરૂર એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરને જણાય તો કેન્ટીન કમીટીની પૂર્વ મંજુરી લઈ ઉપયોગ કરી શકાશે અને તે મંજુરી અંગે કેન્ટીન કમીટીનો નિર્ણય આખરી રહેશે.

(૨૬) કેન્ટીન કોર્ટના કામકાજના દિવસો દરમ્યાન સવારના ૮–૦૦ વાગ્યે ખોલી શકાશે અને રાત્રે ૭–૦૦ કલાકે બંધ કરવાની રહેશે. તેમજ તમામ રવીવાર, બંધ શનીવાર કે જાહેર રજાના દિવસો દરમ્યાન કેન્ટીન બંધ રાખવાની રહેશે. રાત્રીના સમય દરમ્યાન કેન્ટીનમાં કોઈપણ વ્યકિત કે કારીગરને રહેવા દેવામાં આવશે નહી.

District Sessions Court, Mahisagar Lunawada

(૨૭) કોર્ટ કંપાઉન્ડમાં આવેલા ઝાડ–પાન કે બાગ–બગીચાઓને નુકશાન થાય તેવું કોઈપણ કૃત્યુ કરવું નહી.

(૨૮) એજન્સી/સંસ્થા/ કોન્ટ્રાકટરના સમયગાળા દરમ્યાન માનવ સર્જીત કે કુદરતી કોઈપણ કારણોસર કેન્ટીન રૂમના માલ સામાન કે કોઈપણ કર્મચારીને કંઈપણ નુકશાન થાય તો તે અંગેની તમામ જવાબદારી એજન્સી/સંસ્થા/ કોન્ટ્રાકટરની રહેશે.

(૨૯) અત્રેની જીલ્લા અદાલતની કેન્ટીન કમીટી દ્વારા કોઈપણ સમયે કેન્ટીનની મુલાકાત લઈ શકશે તથા કેન્ટીનની સફાઈ કે તેમાં વપરાતી ચીજવસ્તુઓની ગુણવત્તા અંગે ચકાસણી કરી શકશે.

(૩૦) કોન્ટ્રાકટ પોતાની ઈચ્છાથી કોન્ટ્રાકટ અડધે થી છોડવા માંગતા હોય તેવા સમયે એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટર જે માસથી કોન્ટ્રકટ છોડવા જણાવે તેના એક માસ અગાઉ લાયસન્સ ફી, એવરેજ લાઈટ બીલ તથા વેરાબીલ એડવાન્સમાં જમા કરાવવાનું રહેશે.

(૩૧) એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરનો સમય જે તારીખે પુરો થતો હોય તે તારીખે ઓફીસ સમય બાદ એજન્સી/સંસ્થા/ કોન્ટ્રાકટરે કેન્ટીન રૂમની જગ્યાનો કબજો સોંપવાનો રહેશે અને કેન્ટીન રૂમનો કબજો સોંપતા અગાઉ ચુકવવા પાત્ર તમામ રકમ ચુકતેથી ચુકવી દેવાની રહેશે.

(૩૨) કરારના સમયગાળા દરમ્યાન એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરનું અવસાન થાય તો આ કરાર સમાપ્ત થયેલો ગણવામાં આવશે અને તેના કાયદેસરના વારસદારોને આ કરાર ઉપર કોઈ હકક દાવો રહેશે નહી. આમ છતાં આ સંજોગોમાં એજન્સી/સંસ્થા/ કોન્ટ્રાકટરના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે આ કામગીરી ચાલુ રાખવા માંગશે તો અવસાન થયેથી ત્રણ માસ સુધી અથવા કોન્ટ્રાકટની મુદત પુરી થવાનો સમય બંને માંથી જે વહેલુ હશે તે મુજબ આ કામગીરી ચાલુ રાખવામાં આવશે અને તે અંગે કેન્ટીન કમીટીનો નિર્ણય આખરી રહેશે.

(૩૩) કેન્ટીનના એજન્સી/સંસ્થા/ કોન્ટ્રાકટર પાસે કેન્ટીન બાબતના જરૂરી પ્રમાણપત્રો હોવા જોઈએ અને જયારે નગપાલીકાના અધિકારીઓ અન્ય સરકારી અધિકારીઓ દ્વારા ચેકીંગ કરવામાં આવે ત્યારે કેન્ટીનમાં સ્વચ્છતા વિગેરે બાબતો ધ્યાનમાં રાખવાની જવાબદારી એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરની રહેશે.

(૩૪) ઉપરોકત શરતોમાં ઉલ્લેખ ન હોય તેમ છતાં આ કચેરીને કેન્ટીન કોન્ટ્રાકટ માટે ભવિષ્યમાં યોગ્ય જણાય તેવી શરતો/ નિયમો કે હુકમ કરી શકશે અને તેનો અમલ કરવાનો રહેશે. તેમજ જો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કેન્ટીન કોન્ટ્રાકટ માટેના નિયમો, બોલીઓ, શરતો તથા માસીક ભાડામાં વખતો વખત કરવામાં આવતા સુધારા એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટરે ચુસ્ત પણે પાલન કરવાનુ રહેશે.

District ... Mahisagar Lunawada

(૩૫) ઉપર જણાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ થયેથી અત્રેની કચેરીને યોગ્ય જણાય તેવી કાર્યવાહી એજન્સી/સંસ્થા/કોન્ટ્રાકટર વિરુધ્ધ કરી શકશે.

તા.૧૧/૦૮/૨૦૨૬.

(એમ. એન. ગડકરી)
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,
મહીસાગર, મું.લુણાવાડા

Sessions Court, Mahisagar
Lunawada

## FORM OF APPLICATION FOR CONTRACT FOR RUNNING CANTEEN IN THE DISTRICT COURT COMPLEX, MAHISAGAR, AT.LUNAWADA

### PART- A

| Sr. No. | Particular | Details |
|---|---|---|
| 1. | Name and address of the Bidder/Contractor/Firm with contact details.<br>Mobile no:<br>Fax no:-<br>Email id :-<br>Website, if any. | |
| 2. | Date and year of establishment<br>(enclose documentary evidence) | |
| 3. | Registration/License No.<br>(Copy of license to be attached). | |
| 4. | Address of the Office of the Bidder/Contractor in Lunawada<br>(proof to be submitted) | |
| 5. | Experience in the field<br>(Please attach copies of the documents in support) | |
| 6. | Details of Present Assignments /contracts in hand:<br>(Please attach copies of the documents in support) | |
| 7. | Additional Qualification or Expertise, if any, in the field<br>(Please attach copies of the documents in support) | |

Place:
Date:

Signature of the applicant.

## DISTRICT COURT, MAHISAGAR, AT.LUNAWADA

## ELIGIBILITY CRITERIA

The bidder/contractor, who fulfills the following qualifications will be eligible for bidding:

1. The bidder/Contactor should have a **valid Food/Trade License** for running canteen or providing catering service.

2. The bidder/Contactor should have **at least 5 years' experience** in running canteen or providing catering service (Proof to be submitted).

3. The bidder/Contactor should have **at least one office / Branch in Lunawada.** The bidder/agency should have competent personnel stationed in the said Office/Branch.

4. The bidder/Contactor must have paid the tender fee of Rs.1,000.00 (Rupees One Thousand Only) (Proof to be submitted).

5. The bidder/Contactor must have Submit list of Food items and eatables as well as tea, coffee, beverages etc. in below format.

**Tentative List of Menu/food items to be served/provided in canteen**
(to be filled by the contractor/bidder/agency)

| Sr. No. | Menu/item | Quantity | Rate (inc. all taxes) |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

Place:
Date:

District Sessions Court, Mahisagar, Lunawada

Signature of the applicant.